**ફોજદારી કેસ નંબર 6628/2012**

## // આંક – ૧ લગત હુકમ //

(૧) આ કેસનું રેકર્ડ વંચાણે લીધું. સદરહું કેસ દાખલ થયા બાદ કોર્ટ દ્વારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ પરંતુ આરોપીને સમન્સ બજેલો નહી અને આરોપી બીજી કોઈ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલા છે અને આરોપી ને કોઈ ઓળખી બતાવતા નથી કે જણાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સમન્સ પર કરવામા આવેલ અને વગર બજે પરત મોકલેલ છે. વધુમા આરોપી સામે જે ગુનાનો આરોપ છે તે પેટી સમન્સ ટ્રાયએબલ ગુનો છે. વધુમાં આરોપી સામે વખતો વખત પ્રોસેસ કાઢવામાં આવેલા પરંતુ આરોપીને સમન્સ કોઇ પણ કારણોસર બજવણી થતી નથી અને આરોપીના અધુરા સરનામાને કારણે સમન્સ વગર બજ્યે પરત આવેલ છે જેથી આરોપી સામેની કાર્યવાહી વધુ સમય ચાલુ રાખવી વાજબી જણાતી નથી જેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૨૫૮ વંચાણે લેતા હાલના કેસમાં આરોપીઓને સમન્સ બજતો ન હોય આરોપી સામેની કાર્યવાહી સ્થગિત કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

### //હુ ક મ//

(૧) આ કામના આરોપીની સામેની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૮ અન્વયે સ્થગિત કરવામા આવે છે અને કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમા જો આરોપી જો નજીકના ભવિષ્યમા મળી આવે તો ફરીયાદપક્ષ કેસ રી–ઓપન કરાવી શકશે.

આજરોજ હુકમ તારીખ ૧ ૨ મી માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(વી.પી.આચાર્ય)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર.
U.I.CODE GJ 01445

તારીખઃ– ૧૨/૧૧/૨૦૨૨
સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય)